

બીના હાંડા

કેતન ત્રિવેદી

# આવતી કાલના લીડરોનાં ઘડવૈયાં

## બાળકોમાં છુપાયેલી શક્તિ બહાર લાવીને એમના ભાવિને આકાર આપવા મથતાં આ મહિલાની પ્રવૃત્તિ અનોખી છે.

અમદાવાદના આંબાવાડી વિસ્તારમાં આવેલી *નવયુગ સોસાયટી*ના આ બંગલાની લૉનમાં તૈયાર કરવામાં આવેલા નાનકડાએવા સ્ટેજ પર નાનાં બાળકો પોતાને આવડે એવી કૃતિઓ કાલીઘેલી ભાષામાં રજૂ કરી રહ્યાં છે. સામે ખુરસીમાં બેઠેલાં એમનાં માતા-પિતા બાળકોનો આ પરફૉર્મન્સ જોઈને હરખભેર તાળીઓ પાડીને એમને વધાવતાં જાય છે. બાળકો અને એમનાં માતા-પિતા બન્નેને ખુશ જોઈને એક બહેનની આંખોમાં હર્ષનાં આંસુ આવી જાય છે. પોતે આ બાળકો માટે જે કંઈ કરે છે એનો સંતોષ એમના ચહેરા પર ઊભરી આવે છે.

એ બહેનનું નામ છે બીના હાંડા. એમની વિધિવત્ ઓળખ આપવી હોય તો એમ કહી શકાય કે બીનાબહેન ગુજરાતના જાણીતા ઈન્ડસ્ટ્રિયલિસ્ટ અને *કોર-ક્લેરિસ ગ્રુપ*ના સ્થાપક સુશીલ હાંડાનાં પત્ની છે, પણ અહીં આ બાળકો માટે તો બીનાબહેન એ ફક્ત બીનાબહેન જ છે. એમને વારંવાર બીનાબહેન પાસે આવવાનું મન થાય એવાં બીનાબહેન!

ના, આ બીનાબહેન કંઈ બાળકો માટે હૉબી ક્લાસીસ નથી ચલાવતાં. એમના માટે આ નવરાશનો સમય પસાર કરવા માટેની પ્રવૃત્તિ પણ નથી, બલકે એમને તો તમન્ના છે આ બાળકોને ભવિષ્યના લીડર બનતાં જોવાની. એમની પાસે આવતું દરેક બાળક ભવિષ્યમાં મનગમતાં ક્ષેત્રમાં આગળ વધીને લીડર બને એ માટે બીનાબહેન અથાગ પ્રયત્ન કરે છે. આ બાળકોના મેન્ટર બનવું એમને ગમે છે, કેમ કે બીનાબહેન પોતે માને છે: *મેન્ટર કૅન ડુ વન્ડર* અર્થાત્ *ઘડવૈયાઓ જાદુ કરી શકે છે!*

અમદાવાદમાં માતા પુષ્પાબહેન અને પિતા કાન્તિલાલ કોઠારીને ત્યાં જન્મેલાં બીનાબહેને ફક્ત ૧૧ વર્ષની ઉંમરે પિતાનું છત્ર ગુમાવ્યું એટલે એમનો ઉછેર ભાઈ-ભાભી પાસે જ થયો. દસમા ધોરણથી અમદાવાદની પ્રતિષ્ઠિત *સી.એન. વિદ્યાલય*માં ભણવા આવ્યાં ત્યાં ઝીણાભાઈ દેસાઈ ઉર્ફે સ્નેહરશ્મિના સ્નેહનો સ્પર્શ થયો. આ સ્પર્શે બીનાબહેનનો જીવન પ્રત્યેનો અભિગમ બદલવામાં મહત્ત્વનો ભાગ ભજવ્યો. બીનાબહેન પોતે જ કહે છે: 'અહીં ભણતી વખતે મને થયું કે મારે જીવનમાં કંઈક કરવું જોઈએ. કોણ જાણે કેમ, પણ મને લાગ્યું કે હું અહીં આખેઆખી બદલાઈ ગઈ હતી.'

કંઈક કરી બતાવવાના દૃઢ નિર્ણય સાથે બીનાબહેને કૉલેજનું ભણવાનું પૂરું કર્યા પછી એ વખતે જેમાં પ્રવેશ મેળવવાનું ચૅલેન્જિંગ ગણાતું એ *આઈઆઈએમ*માં પ્રવેશ મેળવ્યો અને એમબીએ કર્યું.

એ પછી બીનાબહેને એક લૅબોરેટરી ફર્મમાં જૉબ શરૂ કરી ત્યારે એમને અહીં બીજા એક મેન્ટર પણ મળ્યા અને સાથે સાથે જીવનસાથી પણ! *હ્યુમન રિસોર્સ ડેવલપમેન્ટ*ના વિષયમાં ખૂબ રસ ધરાવતાં બીનાબહેનને અહીં મિસ્ટર ઐયરે કરિયરમાં, જીવનમાં આગળ વધવા હૂંફ અને પ્રોત્સાહન આપ્યાં તો અહીં જ એમનો પરિચય સુશીલભાઈ સાથે થયો. આગળ જતાં એ પરિણયમાં પરિણમ્યો.

૧૯૮૦ની આસપાસ સુશીલભાઈએ *કોર ગ્રુપ*ની સ્થાપના કરી પછી બીનાબહેને *ક્લેરિસ*માં હ્યુમન રિસોર્સ વિભાગમાં ઘણી કામગીરી કરી. એ કહે છે: '*ક્લેરિસ*ની એક ફિલોસોફી રહી છે કે યુવાન કર્મચારીઓની ભરતી કરો અને એમને ટ્રેઈન કરો. આના કારણે મને યુવાનોને નજીકથી કામ કરતાં જોવાની તક મળી અને મેં જોયું કે બાળપણના અનુભવોનો એમના પર ગાઢ પ્રભાવ હોય છે.'

આ વિચાર એમના મનમાં ઘોળાતો ગયો અને અંતે ૨૦૦૮માં એમણે બાળકો માટે અને એના દ્વારા સોસાયટી માટે કંઈક કરવાની ઈચ્છા સાથે *પોએસીસ ફાઉન્ડેશન*ની સ્થાપના કરી. બાળકમાં જો નાની ઉંમરે જ આત્મવિશ્વાસ ઊભો કરવામાં આવે અને અમુક પ્રકારના અનુભવો આપવામાં આવે તો એનામાં મોટા થઈને કંઈક કરવાની ઈચ્છા જાગે છે એવી માન્યતા ધરાવતાં બીનાબહેને ગાંધીજી, આઈન્સ્ટાઈન, એલેક્ઝાન્ડર જેવી મહાન વ્યક્તિઓનાં જીવન પરથી અને વિખ્યાત મનોવિજ્ઞાનીઓનાં તારણ પરથી સ્ટડી કરીને આઠથી ૧૨ વર્ષની વયનાં બાળકો માટે *બિલ્ડિંગ ફ્યુચર્સ અચીવર* એટલે કે *ભવિષ્યના લીડરોનું નિર્માણ* નામનો પ્રોગ્રામ તૈયાર કર્યો.



દરેક બાળક ભવિષ્યમાં મનગમતાં ક્ષેત્રમાં આગળ વધીને લીડર બને એ માટે બીનાબહેન અથાગ પ્રયત્ન કરે છે.

ઈન્સ્પિરેશન, એક્સપ્લોરેશન અને ડેવલપમેન્ટના પાયા પર ઘડાયેલા આ પ્રોગ્રામ અંતર્ગત બાળકોને ઈતિહાસમાં થઈ ગયેલાં મહાન વ્યક્તિત્વોમાંથી પ્રેરણા મળે, એમનામાં છુપાયેલી શક્તિઓને બહાર આવવાની તક મળે અને ભવિષ્ય માટે બાળકોનું પોતાનું એક સ્વપ્ન રચાય એ પ્રકારની વાંચન, લેખન, આર્ટ સહિતની અનેકવિધ પ્રવૃત્તિઓ કરાવવામાં આવે છે. વળી, આ બધું શાળાના ક્લાસમાં ભણતાં હોય એ રીતે નહીં, પણ મુક્ત રીતે હરતાં, ફરતાં અને મોજમસ્તી કરતાં કરતાં કરાવવામાં આવે છે. ન હોમવર્ક, ન એક્ઝામ! ઊલટાનું અહીં તો બાળકોને સાયન્સ સિટીમાં જવાનો લહાવો મળે અને બીઆરટીએસમાં મુસાફરી કરવાની મોજ પણ માણવા મળે! બિલકુલ *થ્રી ઈડિયટ્સ*ની માફક જ!

અત્યાર સુધીમાં એ આ પ્રોગ્રામ અંતર્ગત ૨૦૦ જેટલાં બાળ-ઈડિયટ્સને તૈયાર કરી ચૂક્યાં છે. ૧૪ બાળકોની બેચદીઠ ફક્ત બે જ ફૅકલ્ટી એટલે દરેક બાળક પર અંગત રીતે ધ્યાન પણ આપી શકાય. સાવ જ અંતર્મુખી પ્રકૃતિ ધરાવતાં બાળકોય એક વાર બીનાબહેન પાસે આવે એટલે પછી ઘરે જવાનું નામ જ ન લે! આ પ્રોગ્રામને મળેલી સફળતા પછી એમણે *લીડરશિપ ડેવલપમેન્ટ* નામનો પ્રોગ્રામ પણ શરૂ કર્યો છે. વળી, એ પોતે એમ ને એમ આ બધું નથી કરતાં. છોકરાઓને કંઈક આપવા માટે એ પોતે હમણાં આ ઉંમરેય *હાર્વર્ડ યુનિવર્સિટી*માં આ પ્રકારનો કોર્સ કરી આવ્યાં છે.

ફક્ત અને ફક્ત બાળકો માટે કંઈક કરવાની પેશનથી આવતી કાલના લીડરોને આજે તૈયાર કરી રહેલાં બીનાબહેન જ્યારે *આઈઆઈએમ*માં ઍડ્મિશન લેવા ગયાં ત્યારે ઈન્ટરવ્યૂમાં એમને પૂછવામાં આવ્યું હતું કે *છોકરી તરીકે તમે એમબીએ કરીને કરિયર કઈ રીતે બનાવશો? કોને પ્રાયોરિટી આપશો? કરિયરને કે પરિવારને?*

જવાબમાં એ વખતે પણ બીનાબહેને કહ્યું હતું: 'કરિયર તો હું પછીય ચાલુ રાખી શકીશ, પણ સૌથી પહેલાં હું મારાં બાળકોને ઉછેરવામાં જ ધ્યાન આપીશ!'

પોતાના બન્ને દીકરા અર્જુન અને આદિત્યના ઉછેરમાં ખૂબ જ કાળજી લેનારાં બીનાબહેનની એ પેશન આજેય કાયમ છે. 'આપણે નવી પેઢીનું ભવિષ્ય હંમેશાં તૈયાર નથી કરી શકતા, પણ ભવિષ્ય માટે નવી પેઢીને હંમેશાં તૈયાર કરી શકીએ છીએ.' ફ્રેન્કલીન રૂઝવેલ્ટના આ વિધાનને એટલે જ એ પોતાના ડેસ્ક પર રાખે છે.

તસવીરો: **પ્રજ્ઞેશ વ્યાસ**

feedback2ketan.t@chitralekha.com